Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

રવિવાર, તા.૨૧ મે, ૨૦૨૩
21/5/2023 * VOL : 43 * NO. 246 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૨

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

આજનો સુવિચાર
એક છાંટો ગેરસમજણનો લાગણીના આખા બગીચાને બાળી નાખે છે

# રશિયા-યુક્રેન માનવતાનો મુદ્દો : વડાપ્રધાન મોદી

## સંક્ષિપ્ત સમાચાર

### ઓબામા સહિત ૫૦૦ લોકોના પ્રવેશ ઉપર રશિયાનો પ્રતિબંધ

**(એજન્સી)મોસ્કો,** રશિયાએ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને કોમેડિયન સ્ટીફન કોલ્બર્ટ સહિત ૫૦૦ લોકોના તેના દેશમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. રશિયા તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા અમેરિકાએ રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ સાથે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રવાસ કરી રહેલા મીડિયાને વિઝા આપવાનો ઈનકાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જી૭ દેશોની બેઠક ચાલી રહી છે અને અમેરિકાએ આ દરમિયાન પણ રશિયા સામે કડક પ્રતિબંધો વધારવાની જાહેરાત કરી છે. અમેરિકી પ્રતિબંધોના જવાબમાં રશિયાએ જાહેરાત કરી હતી કે તે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને હાસ્ય કલાકાર સ્ટીફન કોલ્બર્ટ સહિત ૫૦૦ અમેરિકનોને દેશમાં પ્રવેશતા અટકાવી રહ્યું છે. વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં દરેક વ્યક્તિ સામેની ફરિયાદોનો ઉલ્લેખ નથી.

### ઈરાનમાં સુરક્ષા દળોના સભ્યોનાં મોતમાં સામેલ ત્રણને ફાંસી

**(એજન્સી)તહેરાન,** ઈસ્લામિક દેશ ઈરાનમાં ૩ લોકોને ફાંસી આપવામાં આવી છે. તેઓ પર ગયા વર્ષના સરકાર વિરોધી દેખાવો દરમિયાન ઈરાની સુરક્ષા દળોના ત્રણ સભ્યોના મૃત્યુમાં સામેલ હોવાનો આરોપ હતો. આ કેસમાં ઈરાનની કોર્ટે ફાંસીની સજા આપવાનો આદેશ આપ્યો હતો. ઈરાનની કોર્ટે ટ્વીટર પર એક નિવેદનમાં કહ્યું કે, માજિદ કાઝેમી, સાલેહ મિરહાશમી અને સઈદ યાઘૌબીને કેન્દ્રીય શહેર ઈસ્ફહાનમાં શુક્રવારે મૃત્યુદંડ આપવામાં આવ્યો છે. તેઓએ ૧૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ બાસીજ અર્ધલશ્કરી દળના બે સભ્યો અને એક પોલીસ અધિકારીને શહીદ કર્યા હતા. ઈરાન એવો મુસ્લિમ દેશ છે જ્યાં સૌથી વધુ ફાંસી આપવામાં આવે છે. શુક્રવારની ઘટના પર વિશ્વના ઘણા માનવાધિકાર સંગઠનોએ ચિંતા વ્યક્ત કરી છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલએ જણાવ્યું હતું કે, ત્રણેય લોકોને દોષિત ઠેરવવા માટે ફાસ્ટ-ટ્રેક ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી અને તેઓને ગંભીર અત્યાચાર હેઠળ મારવામાં આવ્યા હતા. જોકે ઈરાન સરકાર આ વાતને નકારી રહી છે.

### ગુગલે યુટ્યુબની નવી એડ નીતિમાં ફેરફાર કર્યા

**(એજન્સી)વોશિંગ્ટન,** આજે દરેક લોકો મોબાઈલ તેમજ સ્માર્ટ ટીવી પર યુટ્યુબ જોતા હોય છે. જો કે હવે લોકોને યુટ્યુબ પર લાંબી જાહેરાતો જોવા તૈયાર રહેવુ પડશે. ગુગલે યુટ્યુબની નવી એડ નીતિમાં ફેરફાર કર્યા છે. હવે ગુગલે યુટ્યુબ વીડિયોઝમાં લાંબી જાહેરાતો બતાવવાનું મન બનાવી લીધું છે. હવે યુઝર્સ પાસે આ એડને સ્કિપ કરવાનો વિકલ્પ પણ નહીં હોય. યુટ્યુબ નવી જાહેરાત નીતિમાં અનુસાર વીડિઓની વચ્ચે ૩૦-સેકન્ડની જાહેરાત બતાવવામાં આવશે. આ નવી એડ પોલિસી અમેરિકાથી શરૂ થશે. અન્ય દેશોમાં આ ક્યારે લાગુ થશે તે અંગે ગૂગલે કોઈ માહિતી આપી નથી.

## રશિયાના યુક્રેન પર આક્રમણ બાદ બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ રૂબરૂ મુલાકાત : યુદ્ધ ખતમ કરવા ભારત તમામ શક્ય મદદ કરવા તૈયાર : મોદી



**(એજન્સી)હિરોશિમા,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાપાનના હિરોશિમામાં જી-૭ શિખર સંમેલન દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને વચ્ચે વાતચીત પણ થઈ હતી.રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ રૂબરૂ મુલાકાત હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જાપાનના હિરોશિમામાં જી૭ સમિટ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી. ગયા વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા બાદ બંને નેતાઓ વચ્ચે આ પહેલી વ્યક્તિગત મુલાકાત હતી.

યુક્રેનમાં ચાલી રહેલું યુદ્ધ સમગ્ર વિશ્વ માટે એક મોટો મુદ્દો છે. સમગ્ર વિશ્વ પર તેની ઘણી અસરો પણ થઈ છે. હું તેને રાજકીય મુદ્દો નથી માનતો, મારા માટે તે માનવતાનો મુદ્દો છે... ભારત અને હું વ્યક્તિગત રીતે તેના ઉકેલ માટે અમે જે કંઈ કરી શકીએ તે કરીશું.

આ બેઠક ત્યારે થઈ જ્યારે યુક્રેનના નેતા રૂબરૂ સમિટમાં ભાગ લેવા જાપાનમાં છે. અગાઉ તેઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સભાને સંબોધવાના હતા.જાપાનના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતુ જેમ કહેવામાં આવ્યું હતું કે, જેલેંસ્કી ઓનલાઈન માધ્યમથી વિઆ સંમ્મેલનમાં ભાગ લેશે, પરંતુ તેઓએ વ્યક્તિગત રૂપે આ સંમ્મેલનમાં ભાગ લેવા માંગતા હતા, ત્યારબાદ આ યોજના બદલવામાં આવી હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ જાપાનના આમંત્રણ પર સમિટમાં ભાગ લઈ રહ્યા છે. પૂર્વી યુરોપીય દેશમાં સંઘર્ષ શરૂ થયા બાદ યુક્રેનના પ્રથમ નાયબ વિદેશ મંત્રી એમિન ઝાપારોવા ગયા મહિને ભારતની મુલાકાતે આવ્યા હતા.

ભારતની પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાતમાં, યુક્રેનના પ્રધાન ઝાપારોવાએ ભારતીય વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી દ્વારા પીએમ મોદીને લખેલો પત્ર સોંપ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, રશિયા-યુક્રેન સંઘર્ષ માત્ર વાતચીત અને રાજદ્વારી દ્વારા ઉકેલી શકાય છે અને ×ભારત કોઈપણ શાંતિ પ્રયાસોમાં યોગદાન આપવા તૈયાર છે×.

તમે અમારા બધા કરતાં વધુ જાણો છો કે, યુદ્ધની પીડા શું છે. યુક્રેન મારા માટે માનવતાનો મુદ્દો છે. આ બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ હાજર હતા. પીએમ મોદી ત્રણ દેશના પ્રવાસે ગયા છે.

## હિરોશીમામાં ગાંધી પ્રતિમા વિશ્વને અહિંસાનો સંદેશ આપશે : મોદી




**(એજન્સી)ટોકિયો,** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હિરોશિમામાં જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ વેપાર, અર્થવ્યવસ્થા અને સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારત-જાપાનની મિત્રતા વધારવાના ઉપાયો અંગે ચર્ચા કરી. જ્યારે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદીમિર ઝેલેન્સકી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. પીએમ મોદી શનિવારે ક્વાડ સમિટ પહેલા ઝેલેન્સકી સાથે બેઠક કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે હું તમને જી૭ની શાનદાર આયોજન બદલ અભિનંદન આપું છું. જી૭ શિખર સંમેલનમાં ભારતને આમંત્રણ આપવા બદલ પણ હું તમારો ખૂબ આભારી છું. મેં તમને જે બોધિવૃક્ષ આપ્યું હતું તમે તેને હિરોશિમામાં વાવ્યું હતું અને જેમ જેમ તે વધશે તેમ તેમ ભારત-જાપાનના સંબંધો વધુ મજબૂત થશે. આ તે વૃક્ષ છે જે બુદ્ધના વિચારોને અમરત્વ આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું અને મહાત્મા ગાંધીની પ્રતિમા સ્થાપિત કરવા અને અનાવરણ કરવાની તક આપવા બદલ જાપાન સરકારનો આભાર માન્યો હતો.

મીડિયા સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે આજે પણ 'હિરોશિમા' શબ્દ સાંભળીને દુનિયા ડરી જાય છે. જી૭ સમિટ માટે મારી જાપાનની મુલાકાત દરમિયાન મને મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી. આજે વિશ્વ ક્લાઈમેટ ચેન્જ અને આતંકવાદથી પીડિત છે. ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈ જીતવાનો શ્રેષ્ઠ માર્ગ પૂજ્ય બાપુનો આદર્શ છે. તેમની જીવનશૈલી પ્રકૃતિ પ્રત્યે આદર, સમન્વય અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. આગળ જાપાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમા અહિંસાના વિચારને આગળ વધારશે. મારા માટે એ જાણવું ખૂબ જ આનંદની ક્ષણ છે કે મેં જાપાનના પીએમને ભેટમાં આપેલું બોધિવૃક્ષ અહીં હિરોશિમામાં વાવવામાં આવ્યું છે જેથી લોકો અહીં આવે ત્યારે શાંતિનું મહત્વ સમજી શકે. હું મહાત્મા ગાંધીનું સન્માન કરું છું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યા પછી ભારતીય સમુદાય સાથે વાતચીત કરી. આ દરમિયાન એક મહિલાએ પીએમ મોદીને પટકા પણ પહેરાવ્યા હતા.

## ૨૦૦૦ રૂપિયાની નોટબંધીએ ચાર રાજ્યોની ચૂંટણીનું ગણિત બગાડ્યું!

**(એજન્સી)નવીદિલ્હી,** કેન્દ્ર સરકારે બે હજાર રૂપિયાની નોટ બંધ કરી દીધી છે. આ ૨૦૦૦ રૂપિયાની નોટનું 'ઙ્ઘીદ્બર્હીંડ્ઢેંહ' ત્યારે કરવામાં આવ્યું છે જ્યારે ૨૦૦૦ ઙ્મીિહષ્ઠઅ દ્રી એક રીતે બજારમાં દેખાતી બંધ થઈ ગઈ હતી. આ અંગે તમામ પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી હતી. રાજકીય પક્ષોએ હવે ૨૦૦૦ રૂપિયાની નોટબંધી પર સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. તે જ સમયે, બે હજાર રૂપિયાની નોટ બંધ થવાના સમયને પણ રાજકારણની દૃષ્ટિએ જોવામાં આવી રહ્યો છે.

રાજકીય નિષ્ણાતોએ હકીકતને ચુસ્તપણે સ્વીકારી રહ્યા છે કે Congress શાસિત બે રાજ્યો Chhattisgarh અને Rajasthan અને ભાજપ શાસિત madhyapradesh અને બીઆરસી શાસિત Telanganaમાં આવનારી Electionમાં તેની અસર પડી શકે છે. ઈક્મટેક્સ સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે Election દરમિયાન જપ્ત કરાયેલી રોકડ એ દર્શાવે છે કે ચૂંટણીમાં પૈસાની રેલછેલ કરવામાં આવે છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બે હજાર રૂપિયાની નોટ બંધ કરવાના નિર્ણયને રાજકીય વર્તુળોમાં અલગ જ દૃષ્ટિકોણથી જોવામાં આવી રહ્યો છે. રાજકીય વર્તુળોમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે આગામી કેટલાક મહિનામાં ચાર રાજ્યોમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે આ નોટબંધી થઈ છે. દેશમાં ચૂંટણી સર્વેક્ષણ કરતી અને ચૂંટણી દરમિયાન ખર્ચ પર નજર રાખતી અગ્રણી એજન્સી સાથે સંકળાયેલા અધિકારીના જણાવ્યા અનુસાર ચૂંટણી દરમિયાન જે રીતે ખર્ચ કરવામાં આવે છે તે કોઈનાથી છુપાયેલું નથી. એ અલગ વાત છે કે ચૂંટણી પંચની ગાઈડલાઈન પ્રમાણે તે તમામ ખર્ચ બતાવવાનો હોય છે, પરંતુ ચૂંટણી લડવા માટે હકીકતમાં કેટલો ખર્ચ થાય છે તે પણ બધાને ખબર છે. આ સિવાય એવું કહેવાય છે કે ચૂંટણીમાં 'Fund Management' બહુ મોટી પ્રક્રિયા છે. આવી સ્થિતિમાં મોટી નોટો બંધ થવાના કારણે ચૂંટણી ફંડ મેનેજમેન્ટને પણ અસર થશે.

આવકવેરા સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે ચૂંટણી દરમિયાન જપ્ત કરાયેલી રોકડ દર્શાવે છે કે ચૂંટણીમાં બિનહિસાબી નાણાંથી ચૂંટણીનું સંચાલન કેવી રીતે કરવામાં આવે છે. કોઈપણ રાજ્યમાં ચૂંટણી દરમિયાન રોકડ જપ્ત કરવી એ સામાન્ય બાબત બની ગઈ છે. તેઓ કહે છે કે કેટલીકવાર લોકો તેમના દસ્તાવેજો બતાવીને તેમના પૈસા બચાવી લે છે પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં આ રકમ જપ્ત થઈ જાય છે. જ્યારે ૨૦૦૦ રૂપિયાની નોટ બજારમાં આવી ત્યારે આનાથી બ્લેક માર્કેટિંગ બંધ થશે કે કેમ તે અંગે ઘણી ચર્ચા થઈ હતી. કદાચ આ જ કારણ હતું કે આ નોટો બંધ કરવામાં આવી હતી. એક ચાર્ટર એકાઉન્ટન્ટના જણાવ્યા અનુસાર આ મોટી નોટો બંધ કરી છે અને તેને 'Unaccounted Amount' તરીકે રાખી છે, તેમની મુશ્કેલીઓ ચોક્કસપણે વધવાની છે. તેમનું કહેવું છે કે બ્લેક મની તરીકે ઉપયોગમાં લેવાતી આ નોટોની અસર અલગ-અલગ જગ્યાએ ચોક્કસપણે જોવા મળશે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મીડિયા પ્રભારી જયરામ રમેશે આ નોટબંધીને ભારતીય જનતા પાર્ટી સરકારની મોટી નિષ્ફળતા ગણાવી છે. ટ્વીટ કરીને નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે તેમની ખાસિયત એ છે કે તેઓ પાછળથી વિચારે છે અને પહેલા કામ કરે છે. જયરામ રમેશ વધુમાં જણાવે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ વલણને કારણે ૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ અમલમાં આવેલ તુગલકી ફરમાન નિષ્ફળ ગયું. આ સાથે હવે બે હજાર રૂપિયાની નોટો ચલણમાંથી બહાર કાઢવામાં આવી રહી છે.તેઓ કહે છે કે આ નિર્ણય પોતે જ ખોટો હતો. તેમનું કહેવું છે કે નોટબંધી જેવા મોટા નિર્ણયને કારણે માત્ર દેશની અર્થવ્યવસ્થા જ બગડી નથી, પરંતુ દેશના લોકોને મહિનાઓ સુધી કતારમાં ઉભા રહેવું પડ્યું હતું. ઉત્તર પ્રદેશ કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા સુરેન્દ્ર રાજપૂતનું કહેવું છે કે કર્ણાટક ચૂંટણી હાર્યા બાદ કેન્દ્ર સરકારે ૨૦૦૦ રૂપિયાની નોટ પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમનું કહેવું છે કે આ નિર્ણય અગાઉ પણ ખોટો હતો. આખરે, આ નોટ બંધ કરીને, વડાપ્રધાને સાબિત કર્યું કે તેમનો નિર્ણય ખોટો હતો અને ખોટો નિર્ણય વહેલા કે મોડે પાછો લેવો પડશે.

## કર્ણાટકના મુખ્યપ્રધાનપદે સિદ્ધારમૈયાએ શપથ લીધા

**(એજન્સી)બેંગલુરૂ,** સિદ્ધારમૈયાએ કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવ્યાના બરાબર એક સપ્તાહ બાદ શનિવારે અહીં બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ડી.કે. શિવકુમારે નાયબ મુખ્યમંત્રી તરીકે અને કેટલાક અન્ય ધારાસભ્યોને મંત્રી તરીકે શપથ લીધા. સિદ્ધારમૈયા શપથ લેવા માટે મંચ પર પડેલી ખુરશી પરથી ઉભા થયા. જ્યારે તેઓ શપથ લેવા પહોંચ્યા તો આ દરમિયાન તેઓ માઈક તરફ જવા લાગ્યા. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમને રોક્યા અને હસીને કાગળ સોંપ્યો. કદાચ તેમણે સિદ્ધારમૈયાને કહ્યું હતું કે ઓછામાં ઓછું આ કાગળ લઈ જાઓ. સિદ્ધારમૈયા પણ હસ્યા અને પછી સિદ્ધારમૈયાએ સીએમ તરીકે શપથ લીધા. જે બાદ સ્ટેજ પર હાજર લોકોને મળ્યા. રાજ્યપાલે સિદ્ધારમૈયાને પુષ્પ આપીને અભિનંદન પાઠવ્યા હતા.

સિદ્ધારમૈયા બાદ ડીકે શિવકુમારે શપથ લીધા. તેમણે મંચ પર હાજર લોકો સાથે હાથ મિલાવ્યા અને શપથ લેવા માટે આગળ વધ્યા. તેમણે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ડીકે શિવકુમાર પછી ત્રીજા નંબરે જી પરમેશ્વરે શપથ લીધા.

ચોથા નંબર પર કેએચ મુનિયપ્પાએ શપથ લીધા હતા. મુનિયપ્પા દેવનહલ્લીની કોલાર સીટથી સાતમી વખત ધારાસભ્ય બન્યા છે. તેઓ ૩૦ વર્ષથી સાંસદ છે. તેઓ કેન્દ્ર સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૦૯માં રેલ્વે રાજ્યમંત્રી પણ હતા. તેમને તેમના કદ પ્રમાણે ચોથા નંબર પર શપથ લેવા મોકલવામાં આવ્યા હતા. શપથગ્રહણ બાદ સાંજે કેબિનેટની બેઠક થશે અને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વાયદા પૂરા કરવાની કામગીરી કરવામાં આવશે.

## પંજાબના બે યુવકને ઈન્ડોનેશિયામાં ફાંસી

**(એજન્સી)નવી દિલ્હી,** ભારતના પંજાબ રાજ્યના બે યુવકોને ઈન્ડોનેશિયામાં ફાંસીની સજા ફટકારવામાં આવી છે. એ પછી પરિવારે ભારત સરકારને મદદ કરવા માટે અપીલ કરી છે.

પંજાબમાં વિદેશમાં સ્થાયી કરવાના કે ભણવાના નામે મોકલવાનો દાવો કરતા ઘણા એજન્ટો બોગસ હોય છે અને તેમના કારણે ઘણા લોકો વિદેશમાં ફસાઈ જાય છે. અમૃતસર નજીકના ગામના બે યુવકોને એક એજન્ટે ૩૫-૩૫ લાખ રૂપિયામાં પહેલા ઈન્ડોનેશિયા અને બાદમાં અમેરિકા મોકલી સેટલ કરાવી આપવાનો વાયદો કર્યો હતો.

આ બંને યુવકો ઈન્ડોનેશિયા ગયા ત્યારે તેમને ભારતીય એજન્ટે બંધક બનાવીને પૈસાની માંગણી કરવા માંડી હતી. ઈન્ડોનેશિયાની પોલીસે હવે આ બંને યુવકોને ભારતીય એજન્ટના મર્ડરના આરોપમાં એરપોર્ટ પરથી પકડયા છે. બંને યુવકો ભારત આવી રહ્યા છે. ઈન્ડોનેશિયાની કોર્ટે હવે તેમને ફાંસીની સજા ફટકારતા જ ગામમાં ભારે ચિંતાનુ મોજુ પ્રસરી ગયુ છે અને યુવકોના પરિવારજનો રડી રહ્યા છે.

યુવકોના માતા પિતાએ આ માટે એજન્ટોને જવાબદાર ઠેરવ્યા છે અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવ્યુ છે.

ભાજપના નેતા મનજિંદર સિંહ સિરસાએ બંને યુવકો નિર્દોષ હોવાનુ કહીને કહ્યુ છે કે, ભારત સરકારે દખલ કરીને ઈન્ડોનેશિયાની સરકારને અપીલ કરવી જોઈએ.

## ઉત્તર પ્રદેશમાં ભારે ગરમીની આગાહી

**(એજન્સી)નવી દિલ્હી,** દેશના હવામાનમાં સતત ઉતાર-ચઢાવ થઈ રહ્યો છે. હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી અનુસાર આજે દેશના મોટાભાગના રાજ્યોનું તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસથી લઈને ૪૫ ડિગ્રી વચ્ચે નોંધી શકાય છે. આ દરમિયાન હવામાન વિભાગે નવી અપડેટ જાહેર કરી છે. શનિવારે રાષ્ટ્રીય રાજધાની સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં હવામાન સ્પષ્ટ રહેશે. સાથે જ અમુક રાજ્યોમાં હીટવેવને લઈને એલર્ટ પણ જારી કરી દેવાયુ છે. હવામાન વિભાગ અનુસાર શનિવારે ૨૦ મે એ દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી સેલ્સિયસ રહેવાના અણસાર છે. દિલ્હીમાં શુક્રવારે ૧૯ મે એ મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ, જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછુ હતુ. રાજસ્થાનના અમુક સ્થળો પર મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાનુ અનુમાન છે. જયપુર, દૌસા, અલવર, ભરતપુર, કરૌલી જિલ્લો અને આસપાસના વિસ્તારોમાં ઝડપી પવન ફૂંકાઈ શકે છે. ઉત્તર પ્રદેશમાં હવામાન વિભાગે આગામી દિવસોમાં રાજ્યના જુદા-જુદા ભાગોમાં લૂ ની સંભાવના વ્યક્ત કરી છે. શનિવારે ૨૦ મે એ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં લૂ કારણે યેલો એલર્ટ જારી કર્યુ છે. આઈએમડી અનુસાર યુપીમાં આગામી અઠવાડિયે ભીષણ ગરમી પડવાના અણસાર છે.

## પીટીઆઈ પક્ષને આતંકી સંગઠન જાહેર કરવા પાક.ની તૈયારી

**(એજન્સી)ઇસ્લામાબાદ,** પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સમર્થમાં અને પાકિસ્તાન સરકાર તેમજ સૈન્યના વિરોધમાં સમગ્ર પાકિસ્તાનમાં હિંસાની ઘટનાઓ સામે આવી હતી. એવામાં હવે પાકિસ્તાનની સરકાર અને સૈન્ય મળીને ઈમરાન ખાનના પક્ષ પીટીઆઈને કચડી નાખવાની તૈયારીમાં છે. એવા અહેવાલો છે કે ઈમરાન ખાનના પક્ષ પીટીઆઈને આતંકી સંગઠન જાહેર કરવાની સરકાર તૈયારી કરી રહી છે. પાકિસ્તાન સરકારમાં મંત્રી રાણા સનાઉલ્લાહે કહ્યું હતું કે પાકિસ્તાન સરકાર ઈમરાન ખાનના પક્ષ પીટીઆઈને આતંકી સંગઠન જાહેર કરશે.

સમા ટીવી ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યૂ આપતી વખતે પાકિસ્તાન સરકારના મંત્રી સનાઉલ્લાહે વધુમાં કહ્યું હતું કે સરકાર પીટીઆઈને આતંકી સંગઠન જાહેર કરી શકે તે માટે અમારી પાસે પુરતા પુરાવા છે. એટલુ જ નહીં તેમણે એવો પણ દાવો કર્યો હતો કે લાહોર સ્થિત ઈમરાન ખાનના ઘરમાં સુરક્ષાના નામે ૨૫૦ અફઘાનિસ્તાનીઓને તેમણે તૈનાત કરીને રાખ્યા છે. પાકિસ્તાન સરકાર આ મુદ્દે ઈમરાન ખાનને અગાઉ જ અલ્ટિમેટમ આપી ચુકી છે અને આ અફઘાનિસ્તાનીઓ કે કથિત આતંકીઓને સરકારને સોપી દેવા કહ્યું છે. આ અફઘાનિસ્તાની નાગરિકોને ઈમરાન ખાને એવી રીતે તૈનાત કરાયા છે કે તેઓ ગમે ત્યારે સરકાર અને સૈન્ય પર હુમલો કરી શકે છે.

હાલ પાકિસ્તાની પોલીસ અને સૈન્યએ ઈમરાન ખાનના ઘરને ચારેય બાજુથી ઘેરી લીધુ છે. ખાસ કરીને મોટી સંખ્યામાં પંજાબ પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે અને ઈમરાન ખાન પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ઈમરાન ખાનને તેમના ઘરમાં છૂપાયેલા કથિત આતંકીઓને સોપી દેવાનો સમયગાળો પુરો થઈ ગયો છે તેથી ગમે ત્યારે પોલીસ ઈમરાન ખાનના ઘરની અંદર ઘૂસવાની તૈયારીમાં છે. જો આતંકીઓને સોપવામાં ન આવ્યા તો ઈમરાન ખાન સામે આકરા પગલા લેવામાં આવશે. બીજી તરફ ઈમરાન ખાને કહ્યું છે કે પાકિસ્તાન સરકાર ઈચ્છે તો મારા ઘરની તપાસ કરી શકે છે, સર્ચ વોરંટ સાથે પોલીસની ટીમ મોકલવામાં આવે હું દરેક તપાસ માટે તૈયાર છું. દરમિયાન પાકિસ્તાન પોલીસે ઈમરાન ખાનના ઘરની તપાસ માટે વોરંટ મેળવી લીધુ છે અને ટીમને ઘરમાં મોકલવાની તૈયારી ચાલી રહી છે. બીજી તરફ ઈમરાન ખાનને પાકિસ્તાનની જ્યૂડિશિયરી તરફથી સમર્થન મળી રહ્યું છે. અગાઉ બધા જ કેસોમાં ધરપકડ રોકવામાં આવી હતી અને જામીન મંજૂર કરાયા હતા,

H.K.TRAVELS
New Launched Luxury
ડેઈલી સર્વિસ
અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

સુખી લગ્ન-જીવન માટે
સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક
સ્વરૂપ સેક્સ ક્યૉર
"નોબલ્સ" નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
: ફોન : ૨૬૫૮ ૬૦૦૦, ૨૬૫૮ ૭૦૦૦, ૨૬૫૮ ૮૦૦૦, ૪૮૦૦ ૦૦૦૯
: સમય : સવારે ૧૧ થી ૨, સાંજે ૪.૩૦ થી ૭, રવિવારે રજા
૫૯મું વર્ષ

સેલ સેલ
ઢાલગરવાડના પ્રખ્યાત માસ્ટર હેન્ડલુમ લાવ્યા છે.
ભવ્ય સેલ
પડદાનું કાપડ સાથે સિલાઈ ફ્રી
તદ્દન નવા સ્ટોક સાથે
પડદાનું કાપડ રૂા.૨૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી)
પડદાનું કાપડ રૂા.૩૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી)
સોફાદરી તદ્દન નજીવા ભાવે
સોફાનું કાપડ મળશે
પ્રખ્યાત મીલોની ચાદરો ઉપર 10% થી 50% સુધી ડિસ્કાઉન્ટ
• PORTICO • D DECOR • HOME DECOR • FLORIDA • GM MILL • FOREVER • TRIDENT
9x9 સાઈઝની ચાદરો વ્યાજબી ભાવે મળશે
King Size ફીટેડ ચાદરો મળશે
U-Foam ના ગાદલા વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.
Roman Curtains Roller Blinds બનાવનાર
SALE ઢાલગરવાડવાળા SALE
માસ્ટર હેન્ડલુમ હાઉસ
૧૧/૩૨, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, એલિસબ્રિજ, પોસ્ટ ઓફિસ સામે, વી. એસ. હોસ્પિટલની પાછળ, અમદાવાદ.
PH: 079 - 26580043 / MO 9173005787
રવિવારે સેલ ચાલુ રહેશે સમય સવારે ૧૧ થી રાત્રે ૯ બધાજ ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

# ભાજપની ચિંતન શિબિરના બીજા દિવસે અલગ અલગ પાંચ મુદ્દાઓ પર યોજાયુ ગૃપ ડિસ્કશન

**નર્મદા,**

નર્મદામાં કેવડિયા કોલોનીમાં ભાજપની ૧૦મી ચિંતન શિબિર ચાલી રહી છે. આ ચિંતન શિબિરરના બીજા દિવસે અલગ અલગ મુદ્દાઓ પર મંથન કરવામાં આવ્યુ. જેમા કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના સચિવ અમરજીત સિન્હાનું વિશેષ સત્ર યોજાયુ. અમરજીત સિન્હાએ વિકાસ મુદ્દે સંબોધન કરી વિશેષ માર્ગદર્શન આપ્યુ. તેમણે વિવિધ ક્ષેત્રમાં રહેલી વિકાસની તકો અને પડકારો અંગે પ્રેઝન્ટેશન કર્યુ. અમરજૂત સિન્હાએ ૧૦ મુદ્દા આધારિત વિકાસની વિભાવના આપી. ટકાઉ વિકાસની મુખ્ય બાબતો અને અમલીકરણના મુખ્ય મુદ્દાઓનો ઉલ્લેખ કરી તેમણે ગ્રામીણ વિકાસ અને સ્કીલ ઈન્ડિયાના કન્સેપ્ટ દ્વારા ગામડાઓને ફરી બેઠા કરવા અંગે માર્ગદર્શન આપ્યુ, આ વિશેષ સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત તમામ મંત્રીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ દરમિયાન અલગ અલગ ૫ વિષયો પર ગૃપ ડિસ્કશન કરવામાં આવ્યુ. જેમા આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાગત વિકાસ, કર્મચારીઓની તાલીમ અને શ્રમતા નિર્માણ, ગ્રામીણ વિસ્તારમાં માળખાકીય વિકાસ અને શિક્ષણમાં ગુણાત્મક સુધારા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીઓ સહિત અધિકારીઓને ૫ ગૃપમાં વહેંચીને ગૃપવાઈઝ ડિસ્કશન કરવામાં આવ્યુ. ગૃપ ડિસ્કશનના મહત્વના મુદ્દાઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવશે. મહત્વના ૫ વિષયના સંબંધિત વિભાગોના વડા દ્વારા જે તે મુદ્દાઓને આધીન પ્રેઝન્ટેશન કરવામાં આવશે.આ ચિંતન શિબિરના બીજા દિવસે કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના પૂર્વ સચિવ અમરજીત સિંહાએ ડેવલપમેન્ટ ઈસ્યુ વિષયક વિચારપ્રેરક પ્રવચન આપતા કહ્યું કે, વિકાસ એ સતત ચાલતી પ્રક્રીયા છે. વિકાસના તમામ ક્ષેત્રોમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રણી રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે. અમૃત કાળમાં લોકોની અપેક્ષાઓ પણ વધી રહી છે ત્યારે, ગુજરાતે છેવાડાના માનવીના સમાવેશી વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, વીજળી જેવી પાયાની અને માળખાગત સુવિધાઓ પૂરી પાડી સમગ્ર દેશમાં વિકાસના માપદંડોમાં અગ્રેસર છે. તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતને વિકાસની નવી ઉંચાઈઓ ઉપર લઈ જવા માટે ચિંતન શિબિરના માધ્યમથી સામુહિક મંથનનો પ્રયાસ અનુકરણીય છે.ગુજરાત અનેક ક્ષેત્રેમાં અગ્રેસર છે, તેમ કહેતા તેમણે જણાવ્યું કે, માથાદીઠ આવક, ઉત્પાદન, દેશની કુલ નિકાસમાં ૨૨ ટકા હિસ્સો, ૪૩ ટકા શહેરીકરણ, નલ સે જલનું સુદ્રઢ અમલીકરણ, દેશના કુલમાંથી ૪૦ ટકા પોર્ટ કાર્ગો હેન્ડલિંગ સાથે ગ્રામીણ વસ્તીના ૩૪ લાખ લોકોને સહકારી પ્રવૃત્તિ સાથે જોડવામાં આવ્યા છે. આ સિદ્ધિ નોંધનીય છે. સિંહાએ કહ્યું કે, ગુજરાતમાં કૃષિ ક્ષેત્રોનો પણ સાતત્યપૂર્ણ વિકાસ થઈ રહ્યો છે.

# રથયાત્રામાં થ્રીડી મેપિંગ-વર્ચ્યુઅલ રિયાલિટી પ્રોજેક્ટનો ઉપયોગ થશે

**(એજન્સી) અમદાવાદ,**

ભગવાન જગન્નાથની રથયાત્રામાં પ્રથમ વખત આ વર્ષે થ્રીડી મેપિંગ અને વર્ચ્યુઅલ રિયાલિટી પ્રોજેક્ટનો ઉપયોગ કરીને પોલીસ પળેપળની માહિતી કંટ્રોલરૂમમાં બેઠા બેઠા એક ક્લિકથી મેળવશે.આગામી ૨૦ જૂને અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા નીકળનાર છે.



રથયાત્રા દરમિયાન રથ ક્યાં પહોંચ્યો? કઈ જગ્યાએ શું મુશ્કેલી સર્જાઇ એ તમામ વિગતો જાણવા માટે આ વખતે પોલીસને કોઈ તકલીફોનો સામનો નહીં કરવો પડે. રથયાત્રા દરમિયાન પોલીસ સાથે એક ટેકનોલોજી કામ કરતી હશે. જેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વર્ચ્યુઅલ રિયાલિટી તરીકે ઓળખવામાં આવે છે. અમદાવાદની અનંત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માથા પર લાઈવ સ્ટ્રિમિંગ કેમેરા સાથે રથયાત્રા રોડ પર હશે અને તેઓ ફીડ કેપ્ચર કરશે. આ તમામ ફીડ લાઈવ ટેલિકાસ્ટ પોલીસ કંટ્રોલ રૂમમાં થશે અને કોઈ પણ છેડેથી સોફ્ટવેર મારફતે પોલીસ ક્યા ખૂણે શું કામ કરી રહી છે તે જાણી શકાશે.

રથયાત્રા દરમિયાન ભજન મંડળીઓ શણગારેલા ટ્રક, અખાડાઓની સુરક્ષા અને ટ્રાફિક નિયમનની સૌથી મહત્વની જવાબદારી હોય છે. દર વખતે અનુભવના આધારે પોલીસ પોતાની કામગીરીમાં કંઈકને કંઈક ઉમેરો કરતી હોય છે. આ વખતે પોલીસના અનુભવની સાથે ટેકનોલોજી પણ તેમની મદદ કરશે. ૩૦ દિવસના ડ્રોન શુટિંગની સાથે અનંત યુનિવર્સિટી અને અમદાવાદ સાયબર ક્રાઈમે ખાસ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. આ પ્રોજેક્ટથી રથયાત્રાના ખૂણે ખૂણાનું થ્રીડી મેપિંગ થયું છે.

આ અંગે અમદાવાદ સાયબર ક્રાઈમના ડીસીપી અજીત રાજીયાણે મીડિયાને જણાવ્યું હતું કે, વર્ચ્યુઅલ રિયાલિટીના કારણે પોલીસની કામગીરીમાં ખૂબ જ મદદ મળશે. એટલું જ નહીં થ્રીડી મેપિંગના કારણે ખરેખર જ્યાં જરૂર પડશે ત્યાં જ પોલીસ હશે. પ્રથમ વખત થ્રીડી મેપિંગ કરાયું છે અને તેનું વર્ચ્યુઅલ થવાના કારણે રથયાત્રાના પળે પળની માહિતી અમને મળશે.

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### ગેરકાયદે લિંગ પરીક્ષણ મામલે આરોગ્ય વિભાગની કાર્યવાહી, બે સોનોગ્રાફી મશીન સીલ કરાયાં

**અમદાવાદ,**

શહેરના પાલડી વિસ્તારમાં આવેલા એક્સરે અને સોનોગ્રાફી ક્લિનિકમાં તબીબની ગેરહાજરીમાં બિન લાયકાત ધરાવતી વ્યક્તિ સોનોગ્રાફીની પેક્ટીસ કરતી હતી. એટલું જ નહીં અહીં ગેરકાયદે રીતે લિંગ આધારિત ગર્ભ પરિક્ષણ પણ કરવામાં આવતું હતું. જેથી હરકતમાં આવેલા આરોગ્ય વિભાગે ક્લિનિકમાં તપાસ હાથ ધરીને બે સોનોગ્રાફી મશીન સીલ કર્યાં હતા.

સુત્રોના જણાવ્યા અનુસાર એક્સરે અને સોનોગ્રાફી ક્લિનિકમાં ડોક્ટરની ગેરહાજરીમાં બિનલાયકાત ધરાવતા ડોક્ટર દ્વારા સોનોગ્રાફીની પ્રેક્ટિસ કરાતી હતી તથા ગેરકાયદેસર રીતે લિંગ આધારિત ગર્ભ પરીક્ષણ કરી આપવામાં આવતું હતું, જેથી કરીને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઉપરોક્ત ક્લિનિક ઉપર કાર્યવાહી કરવામાં આવી છે. કલીનીકના બે સોનોગ્રાફી મશીન પણ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેષભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા સીલ કરવામાં આવ્યા છે. ઝ઼ ઁદ્રક્ષ્ એક્ટ અંતર્ગત ગર્ભ પરીક્ષણ કરવું ગેરકાનૂની છે તથા ગેરકાયદે ગર્ભ પરીક્ષણ કરનાર ડોક્ટર ઉપર કાનૂની કાર્યવાહી થઈ શકે છે. અમદાવાદ જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ છેલ્લા ચાર વર્ષમાં આ પ્રકારની કાર્યવાહીથી શહેરની અલગ અલગ જગ્યાએથી ગેરકાયદે ગર્ભ પરીક્ષણમાં વપરાતા અલ્ટ્રા સાઉન્ડ મશીનો સીલ કરવામાં આવ્યા છે અને લિંગ આધારિત ગર્ભ પરીક્ષણો થતા અટકાવવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારાઁ ઝ઼ઁદ્રક્ષ્ કાયદાનો કડકાયથી અમલ કરવામાં આવી રહ્યો છે જેથી આ પ્રકારની અયોગ્ય પ્રેક્ટિસ કરતાં ડોક્ટરની ઉપર કાર્યવાહી કરી ગેરકાયદેસર થતાં ગર્ભ પરીક્ષણ રોકીને સેક્સ રેશિયોમાં નોંધપાત્ર સુધારો થઈ શકે તે માટે અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ સતત સક્રિય છે.

### કેન્દ્રીય મંત્રી અમિત શાહે ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કર્યા

**અમદાવાદ,**

કેન્દ્રીય ગૃહમંત્રી આજે ગુજરાતના પ્રવાસે આવ્યાં હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હવાઈ માર્ગે જામનગર આવ્યાં હતા. જામનગર એરપોર્ટ ઉપર અમિત શાહનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ તેઓ દેવભૂમિ દ્વારકા ગયા હતા. દ્વારકામાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ જગત મંદિર ખાતે ભગવાનશ્રી દ્વારકાધીશના દર્શન કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને દ્વારકા મંદિરના પૂજારી દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન - અર્ચન સાથે સાથે પાદુકા પૂજન પણ કરાવવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી અમિત શાહે ગુજરાત પ્રવાસનો પ્રારંભ દ્વારકાધીશના દર્શનથી કર્યો હતો. ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ જગત મંદિરમાં દર્શન કર્યા બાદ તેમણે દ્વારકામાં નેશનલ એકેડમી ફોર કોસ્ટલ પોલીસિંગ કચેરીનું ખાતમુહૂર્ત કર્યુ છે. મોજપ ગામમાં ખાતમુહૂર્ત કર્યું હતું. બે દિવસના ગુજરાત પ્રવાસે આવેલા કેન્દ્રીય મંત્રી અમિત શાહ રવિવારે અમદાવાદમાં કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ કરશે. જેમાં છારોડી ખાતે બનેલા તળાળ, ચાંદખેડામાં સ્જીઇ઼ઝદ્નની નવી ૩૨૦ બસો, નારણપુરામાં નવા જીમ્નેશિયમ અને લાઈબ્રેરીનું લોકાર્પણ કરશે. ઉપરાંત અમદાવાદમાં ૨૫૦૦ શહેરી મકાનોના ડ્રો કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે. ગુજરાતના પ્રવાસ દરમિયાન અમિત શાહ ભાજપના આગેવાનો સાથે મુલાકાત કરશે. આ ઉપરાંત આગામી વર્ષે યોજનારી લોકસભાની ચૂંટણીને લઈને ભાજપના આગેવાનો સાથે ચર્ચા પણ કરે તેવી શકયતા છે. અમિત શાહ ભાજપના આગેવનોને રાજ્યમાં સંગઠનને વધારે મજબુત બનાવવા સૂચન કરાશે.

# રાજ્યમાં ફરી એકવાર ગરમીનો પારો વધ્યો

**ગાંધીનગર,**

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોમાં આજે એક દિવસમાં અડધાથી બે ડિગ્રી જેટલો પારો ઉચકાતાં ગરમીનું જોર વધ્યું છે. હવામાન ખાતા દ્વારા જાહેર કરાતી વિગતો મુજબ ગુરુવારના રોજ ડીસામાં ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જે વધીને ૪૦.૮ ડિગ્રી થયું. આવી જ રીતે ભુજમાં ૩૭.૬ ડિગ્રી નોંધાયું હતું જે વધીને ૪૦.૧ ડિગ્રી થયુ. અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રીથી વધી ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોચી ગયાં બાદ છેલ્લા કેટલાક દિવસથી તાપમાનમાં સતત ઘટાડો થયો હતો. જોકે આજે ફરી રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ઉચકાતાં ગરમીમાં ફરી વધારો શરૂ થયો છે. આજે શનિવારે પવન ન ફૂંકાવાના કારણે કાળઝાળ ગરમીથી લોકો તોબાહ પોકારી ઉઠયાં હતા. ગરમીની સાથે સાથે ઉકળાટ વધતા લોકો પરસેવે રેબઝેબ થયાં હતાં. હવામાન ખાતા દ્વારા પ્રસિદ્ધ કરાયેલી આંકડાકીય વિગતો મુજબ ગઈકાલે શુક્રવારે રાજ્યના કુલ ૭ શહેરોનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું હતું, જે તેના આગળના દિવસે માત્ર ૨ શહેરોમાં જ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમી પડી રહી છે, આ બંને શહેરમા મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોચી ગયું હતું. રાજ્યમાં ફરી એકવાર ગરમીનો પારો વધતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યાં હતા. તેમજ બપોરના સમયે કામ વગર ઓફિસ અને ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે.

# સેનાના માધ્યમથી જ આજે દેશ સુરક્ષિત: અમિત શાહ

**અમદાવાદ,**

ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારકાધીશના દર્શન કર્યા બાદ નેશનલ એકેડમી ફોર કોસ્ટલ પોલીસિંગ કચેરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, સેનાના માધ્યમથી જ આજે દેશ સુરક્ષિત છે. ભારતે તટીય સુરક્ષા માટે એક ચોક્કસ નીતિ બનાવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા.

તેમણે જણાવ્યુ કે, વર્ષ ૨૦૧૮માં જ નેશનલ કોસ્ટલ પોલીસ એકેડમીને મંજૂરી આપવામાં આવી હતી. વડાપ્રધાન મોદીના દ્રઢ નિશ્ચયથી એકેડમીનું નિર્માણ થયુ છે. તટીય સુરક્ષાને અભેદ્ય કિલ્લો બનાવવાનું કામ મોદી સરકારે કર્યુ છે. મોદી સરકારના રાજમાં દરિયાકિનારાઓ સુરક્ષિત થયા છે. અમિત શાહે જણાવ્યુ કે વર્ષ ૨૦૧૮માં જ નેશનલ કોસ્ટલ પોલીસ એકેડમીને મંજૂરી આપવામાં આવી હતી. વડાપ્રધાન મોદીના દ્રઢ નિશ્ચયથી એકેડમીનું નિર્માણ થયુ છે. તટીય સુરક્ષાને અભેદ્ય કિલ્લો બનાવવાનું કામ મોદી સરકારે કર્યુ છે. મોદી સરકારના રાજમાં દરિયાકિનારાઓ સુરક્ષિત થયા છે.

અમિત શાહે તેમના સંબોધનમાં જણાવ્યુ હતુ કે, દ્વારકા એટલે દેશનો પ્રવેશ દ્વાર. દ્વારકામાં નેશનલ એકેડમી શરુ કરવી એક પડકાર હતો. તેમણે જણાવ્યુ હતુ કે હવે સેનાના માધ્યમથી જ દેશ સુરક્ષિત છે. તટીય સુરક્ષા વધ્યા બાદ દુશ્મનોના દાંત ખાટા થઈ ગયા છે. ભારતે તટીય સુરક્ષા માટે એક ચોક્કસ નીતિ બનાવવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સવારે હવાઈ માર્ગે જામનગર આવ્યાં હતા અને ત્યાંથી તેઓ બાય રોડ દ્વારકા ગયાં હતા. જ્યાં તેમણે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું.

# કચ્છી કેસર કેરીનો સ્વાદ માણવા રૂ.૭૦૦થી ૧૨૦૦ સુધી ચુકવવા પડશે

**અમદાવાદ,**

ગુજરાતમાં હાલ કેરીની સિઝન ચાલી રહી છે અને હાલ રાજયની જનતા ગીરની કેસર, બદામ અને લંગડા સહિતની કેરીનો સ્વાદ માણી રહ્યાં છે. પરંતુ ચાલુ વર્ષે રાજયની સુપ્રસિદ્ધ કચ્છની કેસર કેરીના પાકનું વાવેતર ઘડ્યું હોવાથી તેનો સ્વાદ માણવા માટે કેરીના શોખીનોએ ખિસ્સા હળવા કરવા પડશે.

રાજયમાં ઉનાળાના પ્રારંભ સાથે થયેલા કમોસમી વરસાદને કારણે કચ્છની કેસર કેરીને નુકશાન થયું હતું. કચ્છના માંડવી, ભુજ, નખત્રાણા અને અંજારમાં કેસર કેરીનું જંગી વાવેતર થાય છે. કચ્છમાં ચાલુ વર્ષે લગભગ ૧૦૯૦૦ હેકટરમાં કેસર કેરીનું વાવેતર થયું હતું. જો કે, ઉનાળના આરંભ સાથે થયેલા માવઠાને પગલે કચ્છી કેસર કેરીના પાકને નુકશાન થયું હતું. કમોસમી વરસાદને પગલે પગલે પાંચ હજાર હેકટર જેટલા વિસ્તારમાં કેસર કેરીના પાકને નુકશાન થયું હતું. માવઠાને પગલે કેસર કેરીનું વાવેતર કરનાર ખેડૂતો ચિંતામાં મુકાયાં હતા. ચાલુ વર્ષે કચ્છી કેસર કેરીના પાકને થયેલા નુકશાનને પગલે પ્રતિ ૧૦ કિલોનો ભાવ રૂ. ૭૦૦થી ૧૨૦૦ થવાની શકયતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયમાં ચાલુ વર્ષે ઉનાળાના આરંભ સાથે જ માર્ચ મહિનામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. માર્ચ મહિનામાં લગભગ પાંચેક વખત માવઠું પડ્યું હતું. જેથી ખેતરમાં ઉભા પાકને નુકશાન થયું હતું. કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકશાનનું વળતર મળી રહે તે માટે સરકારે સહાયની જાહેરાત કરી હતી. જે માટે રાજયભરમાં સરકારી કર્મચારીઓએ સર્વે કર્યો હતો. સરકારના સર્વેની કામગીરી પ્રત્યે કેટલાક ખેડૂતોએ નારાજગી પણ વ્યક્ત કરી હતી.

# સાબરમતી રિવરફ્રંટ પર ૩૮૩ સિક્યુરિટી ગાર્ડ છતાં ગુનાખોરી વધી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને તેને સંલગ્ન વિવિધ સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, સાબરમતી રિવરફ્રન્ટ, હોસ્પિટલ વગેરે જગ્યાએ કોર્પોરેશન તંત્ર દ્વારા સિક્યોરિટી અને બાઉન્સર મૂકવામાં આવ્યા છે. છતાં પણ રિવરફ્રન્ટ પર ડ્રગ્સનું સેવન, લૂંટ ફાટ, મહિલાઓની છેડતી, ચોરી અને ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. સિક્યોરિટી પાછળ કોર્પોરેશન તંત્ર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે પરંતુ તેમાં ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદો અવારનવાર બહાર આવે છે. ટેન્ડર શરતમાં સિક્યોરિટી ગાર્ડની જે શરતો રાખવામાં આવી છે તેનું પણ સરેઆમ ઉલ્લંઘન થાય છે તેમજ કેટલીક કંપનીઓ દ્વારા ગાર્ડના શોષણ પણ થઈ રહ્યા છે.

| ખાતાની વિગત | સિક્યુરિટી એજન્સીનું નામ | કુલ ગાર્ડની સંખ્યા | સને ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં ચૂકવેલ કુલ રકમ (કરોડમાં |
|---|---|---|---|
| અ.મ્યુ.કો | વિવિવધ સિક્યુરિટી | ૨૧૦૦ | ૬૪.૦૦ |
| જનમાર્ગ લિ. | ડોકસન સિક્યુરિટી | ૮૫૪ | ૩૦.૦૦ |
| રિવરફ્રન્ટ | પેન્થર સર્વેલન્સ પ્રા.લિ. | ૩૮૩ | ૧૬.૫૨ |
| એ.એમ.સી મેટ | પેન્થર સિક્યુરિટી<br>ગુજરાત સિક્યુરિટી<br>શીવ સિક્યુરિટી | ૧૪૪<br>૨૨૩<br>૧૫૩ | ૧૦.૫૨ |
| ડેન્ટલ કોલેજ | શીવ સિક્યુરિટી | ૩૮ | ૦.૯૭ |
| એ.એમ.ટી.એસ. | એમ.કે. સિક્યુરિટી<br>ગુજરાત સિક્યુરિટી | ૪૨<br>૪૨ | ૧.૬૦ |
| સ્કૂલ બોર્ડ | શીવ સિક્યુરિટી<br>રાજધાની સિક્યુરિટી<br>શિવમ સિક્યુરિટી | ૨૮૯ | ૩.૮૮ |
| | કુલ ગાર્ડની સંખ્યા | ૪૨૮૬ | ૧૨૭.૪૯ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઊંચા ભાવથી સિક્યોરિટીના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે જેની શરત મુજબ ગાર્ડની ઉંમર વધુમાં વધુ ૪૫ વર્ષ હોવી જોઈએ. મનપા દ્વારા કંપનીઓને ત્રણ શિફ્ટના પેમેન્ટ ચૂકવાય છે તેમજ લેબર એક્ટ મુજબના તમામ લાભો સિક્યોરિટી ગાર્ડને મળે તેવી શરતો પણ રાખવામાં આવે છે પરંતુ સિક્યોરિટી એજન્સીઓ દ્વારા ટેન્ડરની શરત પ્રમાણે ડાયરેક્ટ સિક્યોરિટી ગાર્ડના ખાતામાં પગાર જમા થતો નથી, તેની જગ્યાએ જે તે સિક્યોરિટી સંસ્થાના ખાતામાં જમા થાય છે. જેથી સિક્યોરિટી ગાર્ડને લઘુતમ વેતન ચુકવાતું નથી. જેથી લેબર એક્ટનો ભંગ બાય છે. સિક્યોરિટી ગાર્ડનું આર્થિક શોષણ થાય છે. પ્રોવિડન્ટ ફંડ. ઈ.એસ,આઈ. તથા સર્વિસ ટેક્સની પુરેપુરી રકમ જમા થતી નથી તેમજ તેનાં ચલણ પણ ભરેલા હોતા નથી, જે બારોબાર ચાઉં કરી દેવામાં આવે છે. આ ઉપરાંત ગાર્ડ પાસેથી ૮ કલાકના બદલે ૧૨ કલાક કામ લેવામાં આવે છે જેના કારણે જે તે એજન્સીઓને એક શિફટના પેમેન્ટનો ફાયદો થાય છે. આ ઉપરાંત મોટા ભાગના પોઈન્ટ ઉપર નિવૃત્ત થઈ ગયા હોય તેવા સિનિયર સિટીઝનને ઊભા રાખવામાં આવે છે. જેના કારણે ઉંમર અને શારીરિક ક્ષમતાની શરતોનો પણ ભંગ થાય છે.

### મ્યુનિ. કોર્પો.ની સિક્યુરિટીમાં લાલિયાવાડી : કંપનીઓ દ્વારા ગાર્ડનું શોષણ થતું હોવાની ફરિયાદ

મ્યુનિ. વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં વિવિધ થી વધુ સિક્યોરિટી એજન્સીઓને રૂ. ૧૨૭ કરોડ જેટલી માત્ર રકમ ચૂકવવામાં આવી છે. સાબરમતી રિવરફ્રન્ટ ઉપર ૩૮૦થી વધુ સિક્યોરિટી ગાર્ડ મૂકવામાં આવ્યા છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૩૮૩ જેટલા સિક્યોરિટી ગાર્ડ હોવા છતાં ડ્રગ્સનો ગેરકાયદેસર વ્યાપાર તથા સેવન થાય છે, મહિલાઓની છેડતી, ચોરી પણ થાય છે. રિવરફ્રન્ટ પર રોજ આટલી મોટી સંખ્યામાં ગાર્ડ ત્યાં ઊભા રાખવમાં આવે છે તેના રજિસ્ટર્ડ પણ જાહેર કરવા જોઈએ. તેમજ અધિકારીઓ દ્વારા જરૂરી નહી હોવા છતાં સિક્યોરિટી ગાર્ડ પોતાની તહેનાતમાં સ્ટેન્ડ બાય રાખવામાં આવે છે. મ્યુનિ હોસ્પિટલોમાં સિક્યોરિટી ગાર્ડ દ્વારા દર્દીઓના સગાવહાલાં સાથે અયોગ્ય વર્તન થતાં દર્દીઓના સગાઓ સાથે ઘર્ષણ તથા મારામારી થવાના બનાવો પણ બન્યા છે. ટેન્ડર શરત મુજબ લેબર રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ લીધેલા હોતા નથી. સ્મશાનગૃહ અને બગીચાઓ જેવી જગ્યાએ નાઈટ શિફટમાં ગાર્ડ નહી મુકીને તેના બીલો ચુકવાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા કોર્પોરેશનની સંસ્થાઓ અને કોર્પોરેશન ઓફિસ ખાતે સિક્યોરિટી માટે વિવિધ સિક્યોરિટી એજન્સી અને બાઉન્સર એજન્સીઓને કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે. મોટા ભાગની એજન્સીઓ સત્તાધારી પક્ષ સાથે સાઠગાંઠ ધરાવતી રાજકીય દબાણ દ્વારા પ્રાઈવેટ સંસ્થાને આવા કામ આપી મ્યુ. કોર્પો.ને આર્થિક નુકસાન થાય તેવી પેરવી કરવામાં આવે છે. દર વર્ષે સિક્યોરિટી એજન્સીઓને ૬૪ કરોડથી પણ વધુ રકમ ચૂકવવામાં આવે છે. સિક્યોરિટી સંસ્થાના મળી કુલ ૪૨૬૮ જેટલા સિક્યોરિટી ગાર્ડ છે. તેમ છતાં ચોરી, ગુનાખોરી, અસભ્ય વર્તન થવા બાબતે મોટા પ્રમાણમાં ફરિયાદો ઉભી થવા પામે છે. ઘણીવાર ઘર્ષણ થવાની ઘટના પણ બની છે. જેથી કોંગ્રેસ પક્ષ દ્વારા માંગણી કરવામાં આવી છે કે આ તમામ સિક્યોરિટી એજન્સીઓ સામે વિજિલન્સ તપાસ કરવામાં આવે તેવી માગણી કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવી છે.

### કાર પર બેઠેલા બે બાળકોના અકસ્માતમાં મોત

**(એજન્સી) છોટાઉદેપુર,**

બોડેલીના મોરખલા પાસે નર્મદા મુખ્ય કેનાલના સર્વિસ રોડ ઉપર અકસ્માતમાં બે બાળકોના મોત થયા છે. રોડ ઉપર લાગેલ એંગલ સાથે તુફાન ગાડી અથડાતા અકસ્માત સર્જાયો હતો. તુફાન ગાડી ઉપર બેઠેલા બે બાળકોના કમકમાટી ભર્યા મોત થયા છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર મધ્યપ્રદેશના જોબટ અને કુક્ષી તાલુકાના શ્રમિકો કાઠિયાવાડમાં મજૂરી અર્થે જતાં હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ તુફાન ચાલક ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો. બન્ને બાળકોની ઉંમર ૧૩ વર્ષની હતી. એકનું નામ અનિલ કલમસિંહ સિંગડિયા અને બીજાનું નામ રમેશ ભૂરાભાઈ પલાસિયા છે.

### માંડવીમાં પરિવારના ત્રણ સભ્યો નહેરમાં ડૂબ્યા

**(એજન્સી) સુરત,**

સુરતના માંડવીમાં એક જ પરિવારના ત્રણ સભ્યો નહેરમાં ડૂબ્યા હોવાની ઘટના બની છે. પાણીમાં ડૂબવાની ઘટનામાં માતા, પુત્ર અને પુત્ર વધુ નહેરમાં તણાયા છે. મહત્વનું છે કે તમામનું પાણીમાં ડૂબી જવાના કારણે માતાનું મોત નીપજ્યું છે. પારિવારીક ઝઘડાના કારણે માતાએ નહેરમાં છલાંગ લગાવી હતી. જોકે માતાને બચાવવા કૂદેલા પુત્ર અને પુત્રવધુ પણ નહેરના પાણીમાં તણાયા હતા. ઘર કંકાસમાં પરિવારના ઝઘડામાં માતાને માઠું લાગી આવતા આ પગલું લીધું હોવાનું પણ સામે આવ્યું છે. માતાએ નહેરમાં છલાંગ લગાવતા આસપાસના લોકો ઘટના સ્થળે પહોંચ્યા હતા. જેને લઈ તાત્કાલિક ફાયર વિભાગે જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગે ઘટના સ્થળે પહોંચી હાથ ધરી હતી.

# ઘાટલોડિયામાં વૃદ્ધે નવમાં માળેથી પડતુ મુકી આપઘાત કર્યો

**(એજન્સી) અમદાવાદ,**

અમદાવાદના ઘાટલોડિયામાં સરદાર પટેલ આવાસના ૯માં માળેથી ૬૫ વર્ષના રજનીકાંત બ્રહ્મભટ્ટે પડતુ મુકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આપઘાત કરતા પહેલા રજનીકાંત બ્રહ્મભટ્ટે લખેલી ૨ સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમા એક સુસાઈડ નોટ ઘરમાં મુકી હતી. જ્યારે બીજી તેમની પાસેથી મળી આવી હતી.

સુસાઈડ નોટમાં શુભ રીડિંગ લાયબ્રેરીના માલિક ભરત બારોટ દ્વારા વિદ્યાર્થીઓની સામે રજનીકાંતભાઈને અપમાનિત કરીને માનસિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ઘાટલોડિયા પોલીસે મૃતકના પત્ની ચંદ્રિકાબેનની ફરિયાદ લઈને ભરત બારોટ વિરુદ્ધ દૂષપેરણાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી. પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરાઓ પણ ન્યાયની માંગ કરી છે.મૃતક રજનીકાંત બ્રહ્મભટ્ટ છેલ્લા ૩ વર્ષથી શાસ્ત્રીનગરમાં શુભ રીડિંગ લાયબ્રેરીમાં નોકરી કરતા હતા. ૬ મહિના પહેલા લાયબ્રેરીના માલિકે કામ બાબતે ઠપકો આપીને કાઢી મૂક્યા હતા અને ત્યાર બાદ ૧ મે ના રોજ રજનીકાંત બ્રહ્મભટ્ટ ફરી લાયબ્રેરીમાં નોકરીએ જોડાયા હતા. આ દરમ્યાન ૧૧ મેના રોજ નાના દીકરા શ્રીકાંત કેનેડા જઈ રહ્યા હતા ત્યારે મૃતક અને તેમની પત્ની સાથે દીકરાના ઘરે રોકાયા હતા અને ૧૪ મે ના રોજ નોકરી જવા નીકળ્યા અને નવમા માળેથી પડતું મૂકીને આપઘાત કરી લીધો. સ્યુસાઈડ નોટમાં લાયબ્રેરીના માલિક ભરત બારોટ દ્વારા માનસિક ત્રાસનો આક્ષેપ કર્યો હોવાથી પોલીસે ભરત બારોટની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. ભરત બારોટ ૧૨ વર્ષથી લાયબ્રેરી ચલાવતો હોવાનું ખુલ્યું છે.

વૃદ્ધની સુસાઈડ નોટને પોલીસે હ્નજીન્માં મોકલીવૃદ્ધના આપઘાત કેસમાં પોલીસે સ્યુસાઇડ નોટ હ્નજીન માં મોકલીને તપાસ શરૂ કરી. આ આપઘાત પાછળ ફક્ત અપમાનિત કરવાનું કારણ છે કે કોઈ અન્ય કારણો પણ છે. જે મુદ્દે પોલીસે પરિવારના સભ્યો અને લાયબ્રેરીમાં આવતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની પૂછપરછ શરૂ કરી છે.

# ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો

**(એજન્સી) અમદાવાદ,**

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૨૦ મેના રોજ કોરોનાના નવા ૧૧ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૩૦ની અંદર આવી છે. એક્ટિવ કેસની સંખ્યા ૧૧૦એ પહોંચી છે. જેમાં અમદાવાદમાં ૬, રાજકોટમાં ૨, ગીર સોમનાથમાં ૧, મહેસાણામાં ૧, સુરતમાં ૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે. તેમજ કોરોનાથી આજે ૧૭ દર્દી સાજા થયા છે.

### કોરોના રિકવરી રેટ ૯૯.૧૩ ટકા થયો છે, તેમજ કોરોનાથી ૧૭ દર્દી સાજા થયા

જો કે WHO એ હજુ સુધી આ રોગચાળાના અંતની જાહેરાત કરી નથી, પરંતુ તેણે સ્વીકાર્યું છે કે હવે કોવિડને કારણે કોઈ કટોકટીની સ્થિતિ નથી. એટલે કે, આ રોગ રહેશે, પરંતુ તેના કારણે મૃત્યુનો કોઈ ભય નથી. એટલે કે, હવે કોવિડને આંતરરાષ્ટ્રીય સ્તરે તે જ જોખમ નથી, જે પહેલા હતું, જોકે હજી પણ વાયરસને લઈને સાવધ રહેવાની જરૂર છે.

જાન્યુઆરી ૨૦૨૦ માં, WHO એ કોરોનાને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી. તે દરમિયાન તમામ દેશોને આ રોગથી બચવા અને તેના સંક્રમણને રોકવા માટે કહેવામાં આવ્યું હતું. WHOમાં સામેલ તમામ ૧૯૬ દેશોએ કોવિડથી બચવાના માર્ગદર્શિકાનું પાલન કરવું પડ્યું હતું. જો કે, હવે તેને વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી તરીકે સમાપ્ત માનવામાં આવે છે.આ દરમ્યાન છેલ્લા ત્રણ વર્ષથી કોરોના સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે. આ ખતરનાક ચેપને કારણે કરોડો લોકોના મોત પણ થયા છે. કોવિડ ૧૯ ના વિવિધ પ્રકારોને કારણે, આ ચેપ ખૂબ જ ખતરનાક બની ગયો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થાએ વૈશ્વિક ખતરો અને રોગચાળો જાહેર કર્યો હતો. હવે આ રોગચાળાને લઈને એક રાહતના સમાચાર છે. WHOએ કોરોનાને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીની યાદીમાંથી હટાવી દીધો છે. સરળ શબ્દોમાં કહીએ તો, કોરોના રોગ હવે વૈશ્વિક કટોકટી નથી.

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
- ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
- માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
- દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
- માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
- દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન